# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### કઠવાડાની સીમમાં આવેલી ‘લક્ષ્મી ડાઇંગ’ની કાળી કરતૂત । નવાગામના તળાવમાં ઝેરી કેમિકલ ઠાલવતી ફેક્ટરી પર એસઓજીનો સપાટો

# ખેડાના નવાગામમાં ‘મોતનું પ્રદૂષણ’

**અન્ડરગ્રાઉન્ડ** પાઇપલાઇન દ્વારા ગ્રામજનો અને પશુઓના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં



(પ્રતિનિધિ) ખેડા તા.12

ખેડા જિલ્લામાં ફેક્ટરી માલિકો દ્વારા પર્યાવરણ અને જનસ્વાસ્થ્યને નેવે મૂકીને નદી, નાળા અને તળાવોમાં ઝેરી કેમિકલયુક્ત પાણી છોડવાની ગંભીર સમસ્યા સામે સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમે લાલ આંખ કરી છે. ખેડા તાલુકાના કઠવાડા ગામની સીમમાં સરકારી પરવાના વગર અને પર્યાવરણના નિયમોના લીરેલીરા ઉડાડીને ચાલતા એક પ્રોસેસ હાઉસ પર એસઓજી પોલીસે દરોડો પાડ્યો છે. કપડાના રંગરોગાન બાદ નીકળતું અત્યંત પ્રદૂષિત અને ઝેરી પાણી અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન મારફતે નજીકના તળાવમાં ઠાલવી પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરવામાં આવતા હોવાનું બહાર આવ્યું છે. પોલીસે આ મામલે કંપનીના માલિક અને સુપરવાઈઝર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખેડા જિલ્લા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમે બાતમીના આધારે કઠવાડા ગામની સીમમાં આવેલ ‘લક્ષ્મી ડાઈંગ’ નામના પ્રોસેસ હાઉસ પર એફ.એસ.એલ. અને જી.પી.સી.બી.ના અધિકારીઓને સાથે રાખી દરોડો પાડ્યો હતો. આ દરોડાની પ્રાથમિક તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો બહાર આવી હતી કે, ફેક્ટરીના માલિક ભોમારામ ચૌધરી દ્વારા કોઈ પણ સક્ષમ અધિકારીની મંજૂરી વગર કાપડ પર રંગરોગાનનું કામ કરવામાં આવતું હતું. આ પ્રક્રિયામાંથી નીકળતું અત્યંત ઝેરી અને દૂષિત કેમિકલયુક્ત પાણી જમીનની અંદર છૂપી અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈન નાખીને સીધું નવાગામના જાહેર તળાવમાં ઠાલવવામાં આવતું હતું. આ કામગીરી પોલીસ અધીક્ષક વિજય પટેલના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પી.આઈ. ડી.ડી. શિમ્પી, પી.એસ.આઈ. એસ.વી. ગોસ્વામી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

**પોલીસ કાર્યવાહી અને ધરપકડ**




આ દરોડા દરમિયાન સ્થળ પરથી ફેક્ટરીના સુપરવાઈઝર જુગેશ અભયરાજસિંહ રાજપૂત (રહે. ઈસનપુર, અમદાવાદ) ની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે મુખ્ય સંચાલક અને માલિક ભોમારામ દાનારામ સાહુ ચૌધરી હાલ ફરાર છે. ખેડા ટાઉન પોલીસ મથકે બંને ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.



**માનવ અને પશુધન પર જોખમ**

લક્ષ્મી ડાઈંગમાંથી છોડાતું ઝેરી અને દૂષિત કેમિકલયુક્ત પાણીને કારણે તળાવનું પાણી પ્રદૂષિત થઈ રહ્યું છે, જેનો સીધો ઉપયોગ સ્થાનિક રહીશો અને પશુ-પંખીઓ દ્વારા કરવામાં આવે છે. આ અમાનવીય કૃત્યથી લોકોના સ્વાસ્થ્ય અને પર્યાવરણને કાયમી નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

---

## વિદ્યાનગરમાં ધમકી આપી સગીરા પર દુષ્કર્મ આચર્યું

**બાથરૂમ પાસેથી** સગીરાને ઘરમાં ખેંચી જઈ આરોપીએ બે વાર દુષ્કર્મ આચર્યું

(પ્રતિનિધિ) આણંદ, તા. 12

આણંદ શહેરના વિદ્યાનગર પોલીસ મથકની હદમાં એક સગીર વયની દીકરી સાથે અવારનવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની આઘાતજનક ઘટના સામે આવી છે. નરાધમ શખસે સગીરાને તેના માતા-પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી મોઢું બંધ રાખવા મજબૂર કરી હતી. આ મામલે વિદ્યાનગર પોલીસે આરોપી વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, આ ઘટના ગત 10મી એપ્રિલ,2026થી 7મી મે,2026 દરમિયાન બની હતી. પરેશ વિઠ્ઠલભાઈએ ફરિયાદીની સગીર વયની દીકરીને ઘરના બાથરૂમ પાસેથી બળજબરીપૂર્વક ખેંચી જઈ તેણી સાથે તેના જ રહેણાંક ઘરમાં દુષ્કર્મ આચર્યું હતું. પરેશે અત્યાર સુધીમાં બે વખત સગીરા સાથે બળજબરીથી શરીરસંબંધ બાંધ્યો હતો અને અન્ય બે વખત આવી કોશિશ પણ કરી હતી.

આ શખસે સગીરા જ્યારે પણ પ્રતિકાર કરવાનો પ્રયાસ કરતી, ત્યારે પરેશ તેને ધમકી આપતો હતો કે, જો તું આ બાબતની કોઈને જાણ કરીશ તો તારા મમ્મી-પપ્પાને જાનથી મારી નાખીશ. આ ધમકીને કારણે ભયભીત બનેલી સગીરાએ મૌન ધારણ કર્યું હતું. જોકે, ગત 7મી મે,2026ના રાત્રે 8-00થી 8-30ના અરસામાં પરેશે ફરીથી સગીરાના ઘરે જઈ બળજબરી કરતા સમગ્ર મામલો સામે આવ્યો હતો.

---

## કપડવંજમાં ભાજપના નેતાની દાદાગીરી પરણીતાને બ્લેકમેલ કરી દુષ્કર્મ ગુજાર્યું

**સંબંધ તોડવા છતાં** નેતાએ પીછો ન છોડ્યો

**પરિવાર સાથે મળી** મહિલાના પતિ પર કર્યો જીવલેણ હુમલો

(પ્રતિનિધિ) નડિયાદ તા.12

કપડવંજ શહેરમાં સત્તા અને વગના જોરે પરણીતાનું શારીરિક અને માનસિક શોષણ કરવાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કપડવંજ શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ નિલેશ શર્મા વિરુદ્ધ એક મહિલાને બ્લેકમેલ કરી શારીરિક સંબંધો બાંધવા અને તેના પતિ પર હુમલો કરવા બદલ પોલીસ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સોશિયલ મીડિયાના માધ્યમથી શરૂ થયેલો પરિચય પ્રેમમાં પરિણમ્યો હતો, પરંતુ મહિલાએ આ સંબંધનો અંત લાવવાનું નક્કી કરતા આરોપીએ પોતાની અસલી મરજી બતાવી હતી. નિલેશ શર્માએ અગાઉના ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી મહિલાને અવારનવાર પીંખી હતી. ગત 7મી મેના રોજ આ વિવાદ વધુ વકર્યો હતો, જ્યારે નિલેશે મહિલાના ઘર પાસે આવી ગાળાગાળી કરી હતી. બાદમાં નિલેશની પત્ની શોભાબેન, બહેન મનીષાબેન અને સાળા વિજયે મહિલાના ઘરમાં ઘૂસી તેના પતિ પર હુમલો કરી જમણા હાથના કાંડામાં ગંભીર ઈજા પહોંચાડી હતી.

આ મામલે પોલીસે વિવિધ કલમો હેઠળ ચારેય આરોપીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. કપડવંજ શહેરમાં ચર્ચા છે કે ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ થયો હોવા છતાં રાજકીય પીઠબળના કારણે પોલીસ તપાસ ધીમી ચાલી રહી છે. હજુ સુધી એક પણ ધરપકડ કરવામાં પોલીસને સફળતા ન મળતાં રોષ જોવા મળી રહ્યો છે.

**દાગીના ગીરવે મૂકી શોષણ કર્યાનો પણ આક્ષેપ**



પોલીસ ફરિયાદમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, સંબંધોના શરૂઆતના તબક્કે ફરિયાદી મહિલાએ પોતાના કિંમતી દાગીના નિલેશ શર્માને ગીરવે મૂકવા આપ્યા હતા. આ દાગીનામાંથી આરોપીએ આર્થિક ફાયદો મેળવ્યો છે કે કેમ તે દિશામાં પણ તપાસ થવી જરૂરી બની છે.

**મોટા નેતાઓ સાથેના ફોટા બતાવી રૌફ જમાવતો**

કપડવંજનો નિલેશ શર્મા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ પ્રમુખ અને અન્ય કેબિનેટ મંત્રીઓ સાથેના પોતાના ફોટા સોશિયલ મીડિયા પર દર્શાવી પોતાની વગ ઉપર સુધી હોવાનો રૌફ જમાવતો હતો. આ માનસિક વિકૃતિના કારણે તે મહિલાને સતત ડરાવી રહ્યો હતો.

---

## ખંભાત જનરલ હોસ્પિટલમાં નર્સે વકીલ પર હુમલો કર્યો

**બાદમાં પતિએ આવીને** આપી જાનથી મારી નાખવાની ધમકી

(પ્રતિનિધિ) આણંદ, તા. 12

ખંભાત શહેરની જનરલ હોસ્પિટલમાં પિતાની સારવાર કરાવવા ગયેલા એક વકીલ સાથે હોસ્પિટલની સ્ટાફ નર્સ અને તેના પતિએ ઉગ્ર બોલાચાલી કર્યા બાદ હુમલો કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

ખંભાતના ગાયત્રીનગર સોસાયટીમાં રહેતા અને વકીલાતનો વ્યવસાય કરતા હિરેનકુમાર પરષોત્તમભાઈ વ્યાસ ગત 11મી મે 2026ના રોજ સાંજના સમયે તેમના લકવાગ્રસ્ત પિતાને સારવાર માટે ખંભાત જનરલ હોસ્પિટલ લઈ ગયા હતા. તેઓ હોસ્પિટલના ઓપીડી વિભાગમાં પિતાને વ્હીલચેર પર બેસાડવા અને સારવારની પ્રક્રિયા બાબતે ત્યાં ફરજ બજાવતી સ્ટાફ નર્સ તૃપ્તિબેન અશ્વિનભાઈ વ્યાસ સાથે વકીલને બોલાચાલી થઈ હતી.

આ અંગે ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આ માથાકૂટ દરમિયાન સ્ટાફ નર્સ તૃપ્તિબેને ઉશ્કેરાઈ જઈને વકીલને અપશબ્દો કહ્યા હતા અને ગાલ પર લાફો ઝીંકી દીધો હતો. બાદમાં નર્સે તેના પતિ અશ્વિનભાઈ અંબાલાલ વ્યાસને ફોન કરીને હોસ્પિટલ બોલાવ્યા હતા. અશ્વિનભાઈએ પણ હોસ્પિટલ આવીને વકીલ સાથે માર મારી ઝપાઝપી કરી હતી અને ‘આજે તો બચી ગયો છે, હવે પછી નામ લીધું તો જીવતો નહીં છોડું’ તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટના અંગે હિરેનકુમાર વ્યાસે ખંભાત સિટી પોલીસ સ્ટેશનમાં દંપતી સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

---

### આણંદ કૃષિ યુનિવર્સિટીની વેધશાળામાં નોંધાયું રેકોર્ડબ્રેક તાપમાન

## આણંદમાં પારો 44 ડિગ્રી : ચાલુ સિઝનનો સૌથી ગરમ દિ’ નોંધાયો

**આણંદવાસી 11** કલાકથી વધુ સમય સુધી તડકામાં શેકાયા



(પ્રતિનિધિ)આણંદ, તા. 12

આણંદ શહેરમાં ઉનાળાએ હવે તેનું અસલી રૂપ બતાવવાનું શરૂ કર્યું છે. આણંદમાં ગરમીએ તમામ રેકોર્ડ તોડતા તાપમાનનો પારો 44 ડિગ્રી સેલ્સિયસને આંબી ગયો હતો. આ સાથે જ આ દિવસ ચાલુ સિઝનનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ જાહેર થયો છે. આકાશમાંથી વરસી રહેલી અગનજ્વાળાઓ અને લૂના કારણે જનજીવન ભારે પ્રભાવિત થયું છે.

આણંદ કૃષિ યુનિવર્સિટીના એગ્રો-મેટ્રોલોજીકલ ઓબ્ઝર્વેટરી વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા છેલ્લા 24 કલાકના હવામાનના આંકડા મુજબ, જિલ્લામાં ગરમીનું મોજું ફરી વળ્યું છે. આજે નોંધાયેલું મહત્તમ તાપમાન 44.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે આ વર્ષની ઉનાળાની સિઝનનું સૌથી ઊંચું તાપમાન છે. માત્ર દિવસ જ નહીં, પરંતુ રાત્રિના તાપમાનમાં પણ વધારો જોવા મળ્યો છે, જ્યાં લઘુત્તમ તાપમાન 30.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

વેધશાળાના રિપોર્ટ અનુસાર, દિવસ દરમિયાન 11.1 કલાક સુધી તેજસ્વી સૂર્યપ્રકાશ રહ્યો હતો, જેના કારણે બપોરના સમયે રસ્તાઓ સુમસામ ભાસતા હતા. પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ (WNW) દિશામાંથી ફૂંકાયેલા 4.6 કિમી પ્રતિ કલાકની ઝડપના પવનોએ ગરમીમાં વધારો કર્યો હતો. સવારના સમયે હવામાં ભેજનું પ્રમાણ 53% નોંધાયું હતું, જેણે બફારામાં પણ વધારો કર્યો છે.

હવામાન વિભાગના આ આંકડાઓ જોતા આગામી દિવસોમાં હજુ પણ ગરમીનો પારો ઊંચો રહેવાની શક્યતા જણાઈ રહી છે. વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને બપોરના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા અને પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવા અપીલ કરવામાં આવી છે.

---

## કાળઝાળ ગરમી વચ્ચે લીંબુ મોંઘા દાટ બન્યાં

**આકરી ગરમી** પડવાના કારણે લીંબુનો વપરાશ અને માંગ બંનેમાં વધારો

(પ્રતિનિધિ) આણંદ તા 12

આણંદના માર્કેટ યાર્ડમાં લીંબુની આવક ઓછી અને માંગ વધુ હોવાને કારણે ભાવ 150ની ઉપર પહોંચી ગયા છે. ગરમી પડવાના કારણે બજારમાં લીંબુનો વપરાશ અને માંગ બંનેમાં વધારો થયો છે.

આણંદમાં લીંબુના વેપાર સાથે સંકળાયેલા ગિરિશભાઈ પરમારે જણાવ્યું હતું કે, ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે લીંબુના ભાવમાં ખૂબ જ વધારો જોવા મળી રહ્યો છે. હાલમાં આકરી ગરમી પડવાના કારણે બજારમાં લીંબુનો વપરાશ અને માંગ બંનેમાં વધારો થયો છે, પરંતુ તેની સામે માર્કેટમાં માલની આવક અત્યંત મર્યાદિત છે. આ અસંતુલનને કારણે ભાવ ઉંચાઈએ પહોંચ્યા છે અને સ્થિતિ એવી સર્જાઈ છે કે મધ્યમ વર્ગના ગ્રાહકો માટે લીંબુ ખરીદવા હવે મુશ્કેલ બની રહ્યા છે. હાલ બજારમાં લીંબુની ગુણવત્તા મુજબ ભાવ નક્કી થઈ રહ્યા છે. જેમાં સારા (મોટા) લીંબુ 120 થી 150 પ્રતિ કિલો, મીડિયમ લીંબુ 90 થી 120 અને ઝીણા લીંબુ 60 થી 90પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. ઉનાળાના આકરા મિજાજમાં હાલમાં ગ્રાહકોની હાજરી બજારમાં પાંખી જોવા મળે છે. વેપારી રાજુભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, હાલની પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે. એક તરફ આવક ઓછી છે અને બીજી તરફ ભાવ ઊંચા છે કે, ગ્રાહકોની હાજરી બજારમાં પાંખી જોવા મળે છે.

---

## કાંધરોટીના શખ્સે અજગર સાથે વીડિયો વાયરલ કર્યો

**સોશિયલ મીડિયા** પર ‘ફેમસ’ થવા અજગર સાથે છેડછાડ કરનાર સામે વનવિભાગની કાર્યવાહી

(પ્રતિનિધિ) બોરસદ, તા. 12

સોશિયલ મીડિયા પર લોકપ્રિયતા મેળવવાના મોહમાં વન્યજીવો સાથે જોખમી સ્ટંટ કરવા એક યુવકને ભારે પડ્યા છે. બોરસદ તાલુકાના કાંધરોટી ગામના એક શખ્સે સુરક્ષિત વન્યજીવ શ્રેણીમાં આવતા અજગર સાથે વીડિયો બનાવી ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરતા વનવિભાગે તેની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, સંજય ચુનારા નામના વ્યક્તિએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર



અજગર સાથે ગેલગમ્મત અને જોખમી રીતે ચેનચાળા કરતો વીડિયો પોસ્ટ કર્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા જ વનવિભાગના અધિકારીઓ હરકતમાં આવ્યા હતા અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

બોરસદના વનવિભાગની તપાસમાં બહાર આવ્યું કે, અજગર જેવી સુરક્ષિત પ્રજાતિને પકડી રાખવી, તેની સાથે ફોટા-વીડિયો બનાવી પ્રદર્શિત કરવા અને માનવ મનોરંજન માટે તેનો ઉપયોગ કરવો એ વન્યજીવ સુરક્ષા કાયદાનો ભંગ છે. ભારતીય વન્યજીવ સુરક્ષા અધિનિયમ-1972 મુજબ અજગર એક સુરક્ષિત પ્રાણી છે. આ કાયદા હેઠળ વન્યજીવને પકડવો, ઈજા પહોંચાડવી કે બિનઅધિકૃત રીતે કબજામાં રાખવો એ દંડનીય ગુનો બને છે, જેમાં જેલ સજા અને દંડની જોગવાઈ છે. આ ગુનાના આધારે બોરસદ વનવિભાગે સંજય ચુનારા સામે કાર્યવાહી કરી તેની ધરપકડ કરી છે. હાલમાં વનવિભાગના અધિકારીઓ દ્વારા પકડાયેલા ઈસમની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે. વનવિભાગે લોકોને અપીલ કરી છે કે સોશિયલ મીડિયાના મોહમાં વન્યજીવો સાથે છેડછાડ કરવી એ ગુનો છે અને તેનાથી દૂર રહેવું જોઈએ.

---

## આણંદ જિલ્લામાં ‘વસ્તીગણતરી-2027’નો ધમધમાટ શરૂ

**પ્રથમ તબક્કાની** ડિજિટલ કામગીરી 1લી જૂનથી શરૂ થશે



(પ્રતિનિધિ) આણંદ તા.12

ભારત સરકાર દ્વારા આયોજિત ‘વસ્તીગણતરી-2027’ અંતર્ગત આણંદ જિલ્લો સજ્જ બન્યો છે. જિલ્લા કલેક્ટર અને જિલ્લા વસ્તીગણતરી અધિકારી પ્રવીણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ 1લી જૂન 2026થી મકાન યાદી અને ઘરગણતરીના પ્રથમ તબક્કાનો પ્રારંભ થશે. આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્યને આખરી ઓપ આપવા માટે હાલ સમગ્ર જિલ્લામાં કર્મચારીઓને સઘન તાલીમ આપવામાં આવી રહી છે.

આણંદ જિલ્લાના આઠેય તાલુકાઓ અને નગરપાલિકા વિસ્તારોમાં વસ્તી ગણતરીની કામગીરી સુપેરે પાર પાડવા માટે 3184 ગણતરીદારો અને 488 સુપરવાઈઝરો મળી કુલ 3600થી વધુ કર્મચારીઓની ફોજ તૈનાત કરવામાં આવી છે. 11મી મે 2026થી જિલ્લાના તમામ તાલુકા મથકોએ ત્રણ દિવસીય તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે, જેમાં પ્રથમ દિવસે જ આણંદ (ગ્રામ્ય) ના 314 કર્મચારીઓએ તાલીમ મેળવી હતી.

આ વખતની વસ્તી ગણતરીની ખાસિયત તેની ડિજિટલ પદ્ધતિ છે. 58 કુશળ ફિલ્ડ ટ્રેનર્સ દ્વારા ગણતરીદારોને ખાસ મોબાઈલ એપ્લિકેશનના ઉપયોગ અંગે તાલીમ આપવામાં આવી રહી છે, જેથી માહિતી સચોટ અને ઝડપી એકત્રિત કરી શકાય. પારદર્શિતા જળવાઈ રહે તે માટે તમામ કર્મચારીઓએ ‘સેવા ભાવ પ્રતિજ્ઞા’ પણ લીધી છે.

આ અંગે તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે અને જિલ્લા કક્ષાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પ્રક્રિયાનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. વહીવટી તંત્ર દ્વારા આણંદના નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, જ્યારે ગણતરીદારો તેમના ઘરે આવે ત્યારે તેમને સચોટ વિગતો આપી આ રાષ્ટ્રીય કાર્યમાં પૂર્ણ સહયોગ આપે.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**